



# ગીત

લક્ષ્મી ડોબરીયા

## .1.

સાથે રહેવાનો અર્થ એવો નથી કે નજર સામે ને સામે સતત રહેવું.
સજન, સરનામું આમ અલગ દેવું.

સંજોગો જાજમ બીછાવી લલચાવે; પણ પગલાં પાછાં નથી ભરવાં,
જે થાશે તે જોયું જાશે, સમયની સ્હેજે કરવાની આપણે તો પરવા,
કહેવાનું હોય એ તો ટાણે કહી ને પછી મૌન કેરું શરણું સાધી લેવું.
સજન, સરનામું આમ અલગ દેવું.

વાઘાં રંગીન જ્યાં ભાળીએ, ત્યાં આંખ આડે ધીરેથી કાન ધરી દઈએ,
અંધારાં તગતગતાં સામાં મળે, ત્યાં તો ગીત મધુરાં ગાઈ લઈએ,
પગભર થાવાના પાઠ નીત્ય નવા ભણવા અને ઝરણાંની જેમ વળી વહેવું.
સજન, સરનામું આમ અલગ દેવું.

## .2.

નથી તો વખોડ્યું, નથી તો વખાણ્યું;
એ ટાણાં વીશે વાત માંડીને કરવાનું, ટાણું મેં મનભરી માણ્યું.

આંખોમાં ટોળે વળીને વાટ નીરખતી પળને ના થાક કદી લાગે,
તોરણીયા ટાંગીને, રંગોળી પુરીને આરત અધુરી એક જાગે;
તમને આમાંનું કશું અડક્યું કે નહીં, એનું ઓછું જરીકે ના આણ્યું.
એ ટાણાં વીશે વાત માંડીને કરવાનું, ટાણું મેં મનભરી માણ્યું.

તડકા, ઝાકળ, લુ, વરસાદી મોસમના બદલાતા રંગોને ઝીલ્યા,
હોઠને હસાવતા, પાંપણને લુંછતા રસવંતા ઓરતાઓ ખીલ્યા;
હોવું તમારું નજર સામે રહ્યું તો પછી ખુદના વીશે ઘણું જાણ્યું.
એ ટાણાં વીશે વાત માંડીને કરવાનું, ટાણું મેં મનભરી માણ્યું.

## .3.

ઓ વાયરા, તારે તો ઠીક, તારી મસ્તી ને મોજમાં તળ ને શીખર બધું તાગે.
આખાય ગામની વાત્યું સુણી ને પછી વહેતી કરે છે ઝીણાં રાગે.

અહીંથી ને તહીંથી તું દોડ્યા કરે છે, તારું ક્યાં છે કોઈ ઠામ કે ઠેકાણું?
તારા હોવાનો તોય મહીમા છે એવો કે તારા વીણ વાય નહીં વહાણું.
ઓતરાદા, દખણાદા અણસારા સાથે તું અધરાતે-મધરાતે જાગે.
ઓ વાયરા, તારે તો ઠીક, તારી મસ્તી ને મોજમાં તળ ને શીખર બધું તાગે.

હળવેથી આવી તું સાંકળ ખખડાવે ત્યારે કાન કેવા સરવા થઈ જાતા!
અમથી તું લટને રમાડી લે થોડી ત્યાં ધબકારા જાણે હરખાતા!
તારા વીશે વધુ કહેવાનું શું? તું તો અણદેખ્યો સાથી મને લાગે.
ઓ વાયરા, તારે તો ઠીક, તારી મસ્તી ને મોજમાં તળને શીખર બધું તાગે.

પાંદડું હલે કે દીપ બુઝે કે જળ જરા કંપે એ કારનામા તારા,
ઘડીક સ્થીર થઈને ઘડીક ઘુમરી લઈને તું તો મોઘમ કરે છે ઈશારા.
સીમાડાપારના સંદેશા લાવે ને બદલામાં ક્યાંય કશું ક્યારેય ન માંગે,
ઓ વાયરા, તારે તો ઠીક તારી મસ્તી ને મોજમાં તળને શીખર બધું તાગે.

## .4.

સમજણ ત્યાં શું કરે?
સાંજ, સવારે કે બપ્પોરે, ટોળેટોળાં સ્મરણોનાં જ્યાં ફરે.

વાત વધે નહીં, માન ઘટે નહીં, એ કારણથી વાતને પડતી મુકી.
હાશ કરી હળવાશ વધાવતી, લાગણીયું એ રીત નથી કોઈ ચુકી.
એક અધુરી વાતનું વળગણ એવું છે કે, ધ્યાન એનું મન ધરે.
સમજણ ત્યાં શું કરે?

સમ-વીષમ પળ આવે નહીં કંઈ પુછીને કે ચોઘડીયાં જોઈને,
કહેવા જેવી જણસ જડી; પણ આજ સુધી ના કહેવાયું કોઈને;

કીનખાબી વાઘાં પહેરીને સુરજ સાખે અડચણ પણ અવતરે.
સમજણ ત્યાં શું કરે?

**.5.**

જાતને જગાડીને, દીશાઓ ખોલીને સરનામું શોધવા ઉપાય સુઝે નરવો,
એવો બદલાવ થોડો કરવો.

પોતાની તરફે જ્યાં વાતા હો વાયરા એવું જરીક જો લાગે,
મનના અવાવરું ખુણેથી ઈચ્છાઓ આળસ મરડીને તરત જાગે.
અનુભવની આંચમાં પાકેલી સમજણનો પડઘો પડે તો પડે ગરવો,
એવો બદલાવ થોડો કરવો.

પડતર થોડા ને થોડા નવતર છે પ્રશ્નો, એ પડછાયા જેમ પડ્યા રાગે;
સાચુકલા સગપણનાં ૠણ છે એવાં કે વળતર કદીયે ના માંગે.
જાણીતા થાવાના વલખાં વળોટીને અંદરનો સાદ કાને ધરવો.
એવો બદલાવ થોડો કરવો.

**.6.**

તાણાવાણા તોડી-જોડી ‘હું’નું વસ્તર વણું,
પરપોટા જેમ વીસ્તરતું રહે સતરંગી ‘હું’પણું.

તરણાંમાંથી તાડ થવાનું ‘હું’ને તો બહુ ફાવે,
વળ ચડાવી જુગ જુની વાતોને વચ્ચે લાવે;
વાતવાતમાં ખટકી જાતું ‘હું’નું ઝીણું કણું,
તાણાવાણા તોડી-જોડી ‘હું’નું વસ્તર વણું.

છું છતાં કૈં છું નહીં, એ ભેદ બધાય જાણું,
થાય કદીક કે આજ હવે તો સંભાળી લઉં ટાણું;
મારી-મઠારી ‘હું’ની ફરતે ‘હું’ની ભીંતો ચણું,
તાણાવાણા તોડી-જોડી ‘હું’નું વસ્તર વણું.

તોર-તરીકા ‘હું‘ના સઘળા કોઠે પાડી દીધા,
‘હું’ની સામે ‘હું’એ લીધાં પગલાં સાવ જ સીધાં;
લીલુંછમ્મ નીંદામણ ‘હું’નું હળવા હાથે લણું,
તાણાવાણા તોડી-જોડી ‘હું’નું વસ્તર વણું.

## .7.

પાછું વળીને જરા જોવાની ટેવથી તો આગળ જવાનું થયું સહેલું,
હું તો મારામાં આમતેમ ટહેલું.

જોયું જે કાંઈ એની વાત્યું કરીને, અણદેખ્યું મનમાં જ ભરી લીધું,
ઘટના ઘટી ને ચડી સમજણ સરાણે ત્યારે ઓછું ન આવવા દીધું;
તણખા ભુલીને, જાત માંજવા, ઉજાળવા જ પગલું ભર્યું છે મેં તો પહેલું,
હું તો મારામાં આમતેમ ટહેલુ.

ફુલો ખીલીને અને પર્ણો ખરીને બધી મોસમના રંગ સહજ રાખે,
વાદ ને વીવાદ પછી થઈ જાય સંવાદ એવી લાગણીઓ દ્વાર નહીં વાખે;
ડાળ નહીં મુળીયાં ચકાસવાનું ટાણું, આ મોડું નથી કે નથી વહેલું,
હું તો મારામાં આમતેમ ટહેલુ.

જાવું ક્યાં? એવી જો ખબરું પડે તો પછી મારગની પૃચ્છા ના કરતી,
અડચણ ભાળીને નદી ખળખળવું છોડીને પાછી ક્યારેય નથી ફરતી;
થાવું જો સ્થીર હોય તો ડુબવું પડે, એવું મેં જ મને હળવેથી કહેલું,
હું તો મારામાં આમતેમ ટહેલુ.

## .8.

વ્હાણું એમ જ નથી કંઈ વાતું.
સપ્તસુરોની સરગમ સાથે મૌન રહે ઘુંટાતું ને પડઘાતું;
એનું તેજ તરત પરખાતું.
ખાલી ખીસ્સે, ભરચક હૈયે ફાંટ મોજની ભરી લીધી છે,

જણસ જુઓ કે જુઓ ખજાનો ખુલ્લી હથેળી ધરી દીધી છે;
જાપ્યું નથી કે ઘુંટયું નથી એ નામનું વળગણ સ્હેજે ના વીસરાતું,
હોવું એનાથી સરજાતું.. વ્હાણું એમ જ નથી કંઈ વાતું.

જતું કર્યું તો મળ્યું ઘણું, એ અકળલીલાની ઝીલી છે રસલ્હાણી,
નજરમાં એક જ વાત હતી કે સુરતા ઉપર ફરી વળે ના પાણી;
ગડી કરેલું મન ખુલ્લીને પલકવારમાં પાછું સંકેલાતું,
ધ્યાનમાં સઘળું એ અંકાતું.. વ્હાણું એમ જ નથી કંઈ વાતું.

**.9.**

ગાઈ લઉં છું એકાદું ગીત..
વણમાંગી પીડને વલોવીને હળવેથી તારવી લીધું છે નવનીત,
એનું ગાઈ લઉં છું એકાદું ગીત.

પાછું વળીને જોઈ લેવાની ટેવ તો પડી, પડી તો એને સાંખી,
કોઈ આવશે નહીં એવી છે ખાતરીને તોય, વાટ ઝીણકી ઝળહળતી એક રાખી;
ચીલો ચાતરીને ચાલનારા મનની સામે હૈયું ચાતરે નહીં જુગજુની રીત,
ત્યારે ગાઈ લઉં છું એકાદું ગીત.

મળવાના બહાના કંઈ ઓછા નથી ને તોય અળગા રહેવાનું શીખી લીધું,
કારણ વીશે કે પછી ભારણ વીશે કે પછી વળગણનું કંઈ જ નથી કીધું;
ખાલી છે હાથ પણ હૈયું ભરેલું રાખ્યું, પુછ્યું નહીં હાર છે કે જીત,
હું તો ગાઈ લઉં છું એકાદું ગીત.

**.10.**

સખી, એક ઝીણકી આરત જાગી.
બહુ વારી ને બહુ ટપારી તોય લગની સાત જનમની લાગી.

તરણાં જેવી તરસ થઈ ગઈ તાડ, સખી, એંધાણ નથી મેં દીધા,
ટપકી ટપકી ચાડી ખાશે એમ વીચારી જળ નયનોનાં પીધાં;

બપ્પોરી હો કે સાંજુકી, ગમતી વેળા સહીયારી બસ માંગી,
સખી, એક ઝીણકી આરત જાગી.

ખપ પડે ત્યાં કોઈક નજરમાં આવ્યું, કોઈકે નજરું લીધી વાળી,
સખી, હું કેમ કહું કે એક જ કેવળ એક મુરત મેં ભાળી;
રંગ બદલતી ઈચ્છા પળમાં વરણાગી ને પળમાં થઈ વૈરાગી,
સખી, એક ઝીણકી આરત જાગી.

## .11.

ભીનપવર્ણી તરસનો પડઘો દશ દીશે પડઘાતો,
સખી, આષાઢ નથી સહેવાતો.

અનરાધારનો ડોળ કરીને વરસ્યો ધીમી ધારે,
કેમ કરી ઉંચકાય સખી, આ ગોરંભો છે ભારે;
છાનું-છપનું અડકી લઈને વાયરોય હરખાતો,
સખી, અષાઢ નથી સહેવાતો.

ચૈતરને મેં ગુલમહોરી શીળો થપ્પો દઈ દીધો,
વૈશાખી ઉકળાટને કાગળ ઉપર ઠારી લીધો;
લાખ ઉપાયે છુટ્યો નહીં આ મેઘધનુષી નાતો,
સખી, આષાઢ નથી સહેવાતો.

રંગે-રુપે નોખાં ટાણાં સંભાળ્યા છે સ્હેજે
વાત જરીક છે લાંબી સખી, પણ તું હોંકારો દેજે;
ગમતીલા સંગાથ વગરનો વલોપાત વળખાતો,
સખી, આષાઢ નથી સહેવાતો.

## .12.

તડકા લૈ લે તારો દાવ,
ખારા જળને મીઠું કરવા, તુંયે તને અજમાવ...

દાઝ ઉતારી લઈને તારી આંતરડી જ્યાં ઠરશે,
સ્તબ્ધ સીમ ને શેરી, પાદર ધીર ધરી તપ ધરશે;
ગરમાળાને ડારો દેવા, મુછે દઈ દે તાવ, તડકા લૈ લે તારો દાવ.

વા વૈશાખી, લુ ચૈતરની, શસ્ત્ર બધાંયે સજાવી,
ચકલુંયે ના ફરકે એવી તેં તો ધાક જમાવી;
કાળ-ઝાળ સન્નાટાનું તું બખ્તર પ્હેરી આવ, તડકા લૈ લે તારો દાવ.

સંબંધોમાં હોય અગર જો મીણ સરીખો સાંધો,
તાપ સમયનો સ્હેજ પડે ત્યાં પડતો મોટો વાંધો;
સમજી ને એથી મેં રાખ્યો ગુલમ્હોરી સ્વભાવ, તડકા લૈ લે તારો દાવ..

## –લક્ષ્મી ડોબરીયા

(તાજેતરમાં પ્રકાશીત ગીતસંગ્રહ **‘છાપ મેં અલગ છોડી’**માંથી સાભાર…

પ્રકાશક: **K Books,** કે હાઉસ, નવા ગાંધીગ્રામ પો.સ્ટેશન પાસે, 150 ફુટ રીંગરોડ, રાજકોટ–360007, પૃષ્ઠ–88, કીમ્મત –રુપીયા 101)

(‘ગીતસંગ્રહ’ની નકલ ‘સન્ડે ઈ.મહેફીલ’ને મોકલવા બદલ લક્ષ્મીબહેનનો ખુબ ખુબ આભાર.. ..સુનીલ શાહ..)

## કવયીત્રી સંપર્ક:

‘સમન્વય’, 9- નેહરુનગર સોસાયટી, નાના મવા મેઈન રોડ, રાજકોટ-360004
Mobile : 96875 19952 eMail: laxmi.samanvay@gmail.com
Facebook : https://www.facebook.com/laxmi.dobariya

## સર્જકનાં પ્રકાશનો :

**1.** સહીયારો ગઝલસંગ્રહ ‘શ્રી. ગઝલ’-2005; 2. સહીયારો ગઝલસંગ્રહ ‘તત્ત્વ’-2010; 3. સ્વતંત્ર ગઝલસંગ્રહ ‘તાસીર જુદી છે’–2015; 4. સ્વતંત્ર ગીતસંગ્રહ ‘છાપ અલગ મેં છોડી’–2019

@@@@@

@@@@@

‘સન્ડે ઈ.મહેફીલ’ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ
શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને
ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@@@

‘સન્ડે ઈ.મહેફીલ’ - વર્ષ : પંદરમું - અંક : 442 – December 22, 2019

‘ઉંઝાજોડણી’માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@@@

**Download Earlier SeMs :**

**https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/**

@@@@@

**Have you ever visited : http://www.gujaratilexicon.com ?**


More than 3,70,87,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 1,48,03,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 11,09,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 13,23,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@



જાતને સમજવાની અને સંભાળવાની મારી મથામણમાંથી જે નવનીત મેં તારવ્યું છે એને ગીતોમાં વ્યક્ત કરવાની મારી આ યાત્રામાં હું જે પામી છું એ ભાવકો સુધી પહોંચશે તો એને ઈશ્વરની કૃપા જ ગણીશ.

જિંદગીના દરેક મુકામ પર મારી કે અન્ય સર્જકોની કવિતાએ મને હામ અને હુંફ આપી છે.

કશું જ ન સૂઝે એવા વળાંકે કવિતાએ મને યોગ્ય દિશા બતાવી છે. મારા દરેક પ્રશ્નોના ઉત્તર કવિતામાંથી જ મળ્યા છે સ્વયંને સંભાળવાનું મુશ્કેલ થઈ પડે એવા ઢોળાવ પર કવિતાએ મને સંભાળી છે...

હાથ ઘરેણું લાગ્યું સખીરી .. હાથ ઘરેણું લાગ્યું
પ્રશ્નો ઝીલી ઝીલી, ખુદનું શિલ્પ નવું કંડાર્યું
સખીરી હાથ ઘરેણું લાગ્યું

- લક્ષ્મી ડોબરિયા

ISBN 978-81-941107-1-2
Rs. 101

K Books
www.kbooks.co.in

@@@@@@@@@

2019-12-22
'Sunday eMahefil'-442
..U&M..